# બારામતીમાં વિમાન દુર્ઘટના: સીઆઇડીએ તપાસ શરૂ કરી

મુંબઈ: રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અને અન્ય ચાર લોકોના મૃત્યુ માટે કારણભૂત બારામતી વિમાન દુર્ઘટનાની તપાસ મહારાષ્ટ્ર ક્રાઇમ ઇન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ (સીઆઇડી) દ્વારા શરૂ કરવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

પુણે જિલ્લાના બારામતીમાં ૨૮ જાન્યુઆરીએ બનેલી વિમાન દુર્ઘટના પ્રકરણે એક્સિડેન્ટલ ડૅથ રિપોર્ટ દાખલ કરાયા બાદ રાજ્ય પોલીસે સીઆઇડી તપાસનો આદેશ આપ્યો હતો.

પુણે ગ્રામીણ પોલીસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (બીએનએસએસ)ની કલમ ૧૯૪ હેઠળ એક્સિડેન્ટલ ડૅથ રિપોર્ટ (એડીઆર) દાખલ કર્યો હતો અને હવે તે સીઆઇડીને ટ્રાન્સફર કરવામાં આવ્યો હોવાનું અધિકારીએ કહ્યું હતું.

૬૬ વર્ષના અજિત પવાર અને અન્ય ચાર જણ લિયરજેટ ૪૫ વિમાનમાં મુંબઈથી બેઠા હતા અને બારામતીમાં ટેબલટોપ હવાઇપટ્ટીના ખૂણેથી ૨૦૦ મીટર દૂર વિમાન તૂટી પડ્યું હતું.

વિમાન દુર્ઘટનામાં અજિત પવાર ઉપરાંત મૃત્યુ પામેલા કેપ્ટન સુમિત કપૂરને વિમાન ઉડાવવાનો ૧૫,૦૦૦ કલાકનો, તો કો-પાઇલટ કેપ્ટન શુભાંગી પાઠકને વિમાન ઉડાવવાનો ૧,૫૦૦ કલાકનો અનુભવ હતો. પવારનો અંગત સલામતી અધિકારી વિદિપ જાધવ અને પાઇલટ એટેન્ડેન્ટ પિંકી માળીનાં પણ દુર્ઘટનામાં મોત થયાં હતાં. સીઆઇડીના અધિકારીઓની ટીમે તેમનું કામ શરૂ કરી દીધું છે અને પુણે ગ્રામીણ પોલીસ પાસેથી સંબંધિત દસ્તાવેજો ભેગા કર્યા છે. ટીમ બારામતી હવાઇપટ્ટી નજીક દુર્ઘટના સ્થળની મુલાકાત લેશે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

# ખાડામાં પડેલા યુવાનને ગંભીર ઇજા: કન્સ્ટ્રક્શન કંપનીના ચાર સામે ગુનો

મુંબઈ: બોરીવલીમાં રસ્તાના સમારકામ માટે ખોદવામાં આવેલા ખાડામાં પડી જવાથી યુવાનને ગંભીર ઇજા થતાં પોલીસે કન્સ્ટ્રક્શન કંપની સાથે સંકળાયેલા ચાર જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

કસ્તુરબા માર્ગ પોલીસના જણાવ્યા મુજબ ઘટના ગયે મહિને બની હતી, જેમાં ઍપ આધારિત કૅબના ડ્રાઈવર પરમાનંદ મૌર્યએ બુધવારે ફરિયાદ નોંધાવી હતી. ગંભીર ઇજાની સારવાર પછી મૌર્ય ફરિયાદ નોંધાવવા પોલીસ સ્ટેશને આવ્યો હતો.

ફરિયાદ અનુસાર બોરીવલી પૂર્વમાં કાર્ટર રોડ નંબર સાત પર કોન્ટ્રાક્ટર કંપની દ્વારા ખાડો ખોદવામાં આવ્યો હતો. જોકે તે સ્થળે કોઈ પણ પ્રકારની ચેતવણીનું બોર્ડ, બેરિકેડ્સ અથવા ઈન્ડિકેટર્સ લગાવવામાં આવ્યાં નહોતાં, એવું મૌર્યએ કહ્યું હતું.

ઘર બહાર નીકળીને મૌર્ય ચાલતો પસાર થઈ રહ્યો હતો ત્યારે આ ખાડામાં પડી ગયો હતો. ગંભીર રીતે ઘવાયેલા મૌર્યની ચાર પાંસળીમાં ફ્રેક્ચર થયું હતું અને ગરદન પર પણ ઇજા થઈ હતી. સારવાર માટે છ લાખ રૂપિયાનો ખર્ચ થયો હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું. એફઆઈઆરમાં કોન્ટ્રાક્ટ લેનારી કંપનીના સ્થાપક માનવ શાહ, ચૅરપર્સન પ્રદીપ પાંડે અને કોન્ટ્રાક્ટર યશ મહેતાનાં નામ હોવાનું પોલીસે જણાવ્યું હતું. આ પ્રકરણે તપાસ ચાલી રહી હોવાથી શુક્રવારની મોડી સાંજ સુધી કોઈની ધરપકડ કરાઈ નહોતી. (પીટીઆઇ) ■

# વિમાન નીચે ઊતરતી વખતે નમી કેમ ગયું?

## કેન્દ્રએ અકસ્માતની તપાસ કરવી જોઈએ: રામદાસ કદમ

રત્નાગિરી: શિંદે શિવસેના નેતા રામદાસ કદમએ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના વિમાન દુર્ઘટનાની તપાસ કેન્દ્ર સરકાર પાસે કરાવવાની માગ કરી છે. રનવે પર ઉતરતા પહેલા જ વિમાન નમી ગયું હતું અને પાયલટ સામે કઈ મુશ્કેલી આવીને ઊભી રહી એ શોધી કાઢવું જરૂરી છે. વિમાન દુર્ઘટના અંગેની તમામ વિગતો જાહેર કરવી જોઈએ, નહીં તો હવાઈ મુસાફરી સલામત નથી એવું લોકો માની બેસે એવી શક્યતા છે એમ રામદાસ કદમે જણાવ્યું હતું. નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર મુંબઈથી બારામતી આવી રહ્યા હતા ત્યારે વિમાન દુર્ઘટનામાં તેમનું મૃત્યુ થયું હતું. કેન્દ્ર સરકારે આ અકસ્માતની તપાસ શરૂ કરી દીધી છે. હવે રામદાસ કદમે પણ એ જ માગણી કરી છે. રામદાસ કદમએ વધુમાં જણાવ્યું હતું કે અજિત પવાર છ વખત રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન હતા. આવા નાયબ મુખ્ય પ્રધાનનું વિમાન ક્રેશ થાય ત્યારે અકસ્માતની તપાસ થવી જ જોઈએ. ■



## શ્રી કચ્છી ભાનુશાલી મુલુંડ ચેકનાકા મિત્ર મંડળ, થાણા

### કાર્યવાહક કમિટી (૨૦૨૬-૨૮) તથા ટ્રસ્ટીઓ (૨૦૨૬-૨૯)ની ચૂંટણી

ઉપરોક્ત મંડળની કાર્યવાહક કમિટીની ચૂંટણી સંસ્થાના હોલમાં રાખવાનું નક્કી કરેલ છે. કાર્યવાહક કમિટીની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવા ઇચ્છુક સંસ્થાના કાયમી સભાસદે પોતાનું ઉમેદવારી પત્રક **તા. ૧૫.૦૨.૨૦૨૬ થી સવારના ૧૦ થી સાંજના ૭ વાગ્યા** સુધી ભરીને પોતાની ઉમેદવારી નોંધાવી શકશે. ઉમેદવારી નોંધવાની છેલ્લી **તા. ૧૮.૦૨.૨૦૨૬** રહેશે. નોંધાવેલ ઉમેદવારી પત્રક **તા. ૨૦.૦૨.૨૦૨૬ના સાંજે ૭ વાગ્યા** સુધી પાછું ખેંચી શકાશે. **તા. ૨૨.૦૨.૨૦૨૬ રવિવારે સવારે ૧૦ થી સાંજે ૫ વાગ્યા** સુધી ઉપરોક્ત મંડળના સભાસદો સંસ્થાના હોલ માં મતદાન કરી શકશે.

**નોંધ :** તા. ૨૧.૦૧.૨૦૨૬ સુધી નોંધાયેલ પુખ્ત વયના કાયમી સભાસદ મતદાન કરી શકશે. જેમાં **૧૧ (અગિયાર) ઉમેદવારો**ને ફરજીયાત મત આપવાનો રહેશે. એનાથી ઓછા અથવા વધારે ઉમેદવારોને મત આપેલ હશે તો એ રદ્દ કરવામાં આવશે. મતદાતાએ પોતાનો કોઈપણ એક આઈડી પ્રૂફ **(આધાર કાર્ડ/ પેનકાર્ડ/ ઈલેક્શન કાર્ડ)** સાથે લાવવું જરૂરી છે .

આપણા મંડળના ૩ (ત્રણ) ટ્રસ્ટીઓની મુદત પુરી થતાં તેમની ચુંટણી **રવિવાર, તા. ૧૫.૦૩.૨૦૨૬** ના રાખવામાં આવી છે. **તા. ૨૧.૦૧.૨૦૨૬** સુધી મંડળના સભાસદ ચૂંટણીમાં ભાગ લઇ શકશે. **ઉમેદવારી પત્રક તા. ૦૮.૦૩.૨૦૨૬ થી તા. ૧૧.૦૩.૨૦૨૨ સાંજના ૬ વાગ્યા** સુધી ભરીને રમેશભાઈ ગાધલાવાળા, આશાપુરા મેટ્રેસ પાસે જમા કરવાના હશે. **ઉમેદવારી પાછી ખેંચવાની અંતિમ તા. ૧૩.૦૩.૨૦૨૬ સાંજના ૬ વાગ્યા સુધી રહેશે.** મંડળના ચૂંટાયેલા સભ્યો દ્વારા **તા. ૧૫.૦૩.૨૦૨૬ રવિવારના રોજ સવારના ૧૧.૩૦ વાગે** ચૂંટણી કરવામાં આવશે.

*– હરજી લધારામ દામા (ચૂંટણી કમિશ્નર)*

**ઉમેદવારી પત્રક મેળવવાનું સ્થળ : આશાપુરા મેટ્રેસ (રમેશભાઈ ગાદલાવાળા) વિજય એપાર્ટમેન્ટની સામે મુલુન્ડ ચેકનાકા.**

**ખાસ નોંધ :** મંડળની વાર્ષિક જનરલ સભા રવિવાર તા. ૦૮.૦૨.૨૦૨૬ ના સાંજે ૬ થી ૯ રાખવામાં આવેલ છે બધાને હાજરી આપવા વિનંતી.






# ડાયાબિટીક ફૂટ (પગમાં ઘા) અને પેરિફેરલ વાસ્ક્યુલર ડિસીઝ (નસોની બીમારી): ભારત પર કેન્દ્રિત એક દૃષ્ટિકોણ

ડૉ. ભાવેશ અરુણ પોપટ

એક પ્રતિષ્ઠિત વાસ્ક્યુલર અને ઇન્ટરવેન્શનલ રેડિયોલોજિસ્ટ છે જેઓ ૧૫ વર્ષથી વધુની લાંબી કારકિર્દી ધરાવે છે. ડૉ. પોપટ પ્રશંસનીય શૈક્ષણિક પૃષ્ઠભૂમિ ધરાવે છે, જેમણે નવી મુંબઈની MGM મેડિકલ કૉલેજમાંથી M.B.B.S. અને પુણેની ડૉ. D.Y. પાટિલ મેડિકલ કૉલેજમાંથી રેડિયો ડાયગ્નોસિસમાં M.D.ની ડિગ્રી મેળવી છે. તેમણે સેઠ જી.એસ. મેડિકલ કૉલેજ અને KEM હૉસ્પિટલ, મુંબઈ અને યુરોપિયન બોર્ડ ઓફ ઇન્ટરવેન્શનલ રેડિયોલોજી (EBIR)માંથી વાસ્ક્યુલર અને ઇન્ટરવેન્શનલ રેડિયોલોજીમાં ફેલોશિપ પણ પૂર્ણ કરી છે.

તેમણે વાસ્ક્યુલર અને ઇન્ટરવેન્શનલ રેડિયોલોજી ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. તેમણે સેઠ જી.એસ. મેડિકલ કૉલેજ અને KEM હૉસ્પિટલ, મુંબઈમાં વાસ્ક્યુલર અને ઇન્ટરવેન્શનલ રેડિયોલોજી વિભાગમાં સહાયક પ્રોફેસર તરીકે સેવા આપેલ છે. મેડિસિનમાં તેમના યોગદાનને માન્યતા આપવા માટે, તેમને ''ટાઇમ્સ હેલ્થકેર લીડર એવોર્ડ'' એનાયત કરાયેલ છે.

ડૉ. ભાવેશ રેડિયોલોજી અને પોસ્ટ એમડી ફેલોની તાલીમમાં સક્રિય રીતે સંકળાયેલ છે. તેઓ પ્રખ્યાત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પરિષદોમાં નિયમિત ફેકલ્ટી છે, વરિષ્ઠ તબીબી વ્યાવસાયિકો માટે જટિલ પ્રક્રિયાઓ પર વર્કશોપનું આયોજન કરે છે જેથી દેશમાં એન્ડોવાસ્ક્યુલર મેડિસિનના વિકાસમાં મદદ કરે છે.

તેઓ ઇન્ડિયા (ISVIR)માં ઇન્ટરવેન્શનલ રેડિયોલોજિસ્ટ માટે ગવર્નિંગ બોડીના ખજાનચી અને એક્ઝિક્યુટિવ સભ્ય છે અને મેડિસિનના ક્ષેત્રમાં તેમના યોગદાન માટે વ્યાપકપણે જાણીતા છે.

હાલમાં, તેઓ મુંબઈમાં કન્સલ્ટન્ટ વેસ્ક્યુલર અને ઇન્ટરવેન્શનલ રેડિયોલોજિસ્ટ તરીકે પ્રેક્ટિસ કરે છે. ડૉ. પોપટ ક્લિનિકલ કાર્ય, વહીવટ અને શિક્ષણમાં સક્રિયપણે સંકળાયેલ છે.



**HVS Hospitals, Mumbai**
www.hvshospitals.com
Mob:-+91-91520 11193
Dadar | Ghatkopar | Borivali

**ભારત હાલમાં ડાયાબિટીસ અને તેને લગતી ગૂંચવણોના મોટા બોજ હેઠળ છે. આજે ૭.૭ કરોડથી વધુ લોકો ડાયાબિટીસ સાથે જીવી રહ્યા છે અને આ આંકડો ૨૦૪૦ સુધીમાં ૧૨.૩૫ કરોડ સુધી પહોંચવાની સંભાવના છે. ડાયાબિટીક ફૂટ અલ્સર (પગના ચાંદા) અને પેરિફેરલ વાસ્ક્યુલર ડિસીઝ (હાથ-પગની રક્તવાહિનીઓના રોગો) એ ડાયાબિટીસ સાથે સંકળાયેલી મુખ્ય સમસ્યાઓ છે.**

### ભારતમાં વધતું જતું આરોગ્ય સંકટ

ડાયાબિટીક ફૂટ અલ્સર અત્યંત સામાન્ય અને જોખમી છે. અભ્યાસો મુજબ, ભારતમાં દર વર્ષે પાંચ લાખથી વધુ નવા કેસ નોંધાય છે. ડાયાબિટીસ ધરાવતી દર ચાર વ્યક્તિમાંથી એકને જીવનકાળ દરમિયાન પગમાં ચાંદું પડવાની શક્યતા હોય છે, તેમાંથી અડધાને ચેપ લાગે છે, અને દર પાંચમાંથી એક દર્દીને હૉસ્પિટલમાં દાખલ થવાની કે એમ્પ્યુટેશન (અંગ કાપવું) કરવાની જરૂર પડે છે. અકસ્માત સિવાયના કિસ્સાઓમાં થતા ૮૦ ટકા પગ કાપવાના કિસ્સાઓ માટે આ અલ્સર જવાબદાર છે.

### પેરિફેરલ આર્ટિરિયલ ડિસીઝ PAD

(ધમનીઓમાં અવરોધનો રોગ) આ સ્થિતિને વધુ ગંભીર બનાવે છે, જ્યારે ન્યુરોપેથી (ચેતાતંતુઓની નબળાઈ), ચેપ અને રુધિરપ્રવાહની ઊણપ ત્રણેય ભેગા થાય છે ત્યારે સારવાર જટિલ બની જાય છે.

### પરંપરાગત સારવારના પાયા

પ્રમાણભૂત સારવારમાં ઘાની સંભાળ, ચેપ પર નિયંત્રણ અને રુધિરપ્રવાહ પુનઃસ્થાપિત કરવા પર ધ્યાન આપવામાં આવે છે.

### સર્જિકલ ડિબ્રાઈડમેન્ટ

(શસ્ત્રક્રિયા દ્વારા મૃત પેશી દૂર કરવી): આ પ્રક્રિયા દ્વારા મૃત અને ચેપગ્રસ્ત પેશીઓને દૂર કરવામાં આવે છે. જો પગમાં નાડી ગેરહાજર હોય, તો આ પ્રક્રિયા પહેલાં વાસ્ક્યુલર નિષ્ણાત દ્વારા તપાસ જરૂરી છે, કારણ કે લોહીના ઓછા પ્રવાહવાળા પગમાં ડિબ્રાઈડમેન્ટ કરવાથી પેશીઓ વધુ ઝડપથી નાશ પામી શકે છે.



શ્રેષ્ઠ પરિણામો માટે નવાયુગની ટેક્નોલૉજી દ્વારા સંચાલિત અત્યાધુનિક કેથલેબ

### ઓફલોડિંગ (દબાણ ઘટાડવાની પદ્ધતિ):

પગના ચાંદાં પરના દબાણને ઘટાડવા માટે ટોટલ કોન્ટેક્ટ કાસ્ટ (આખા પગનું ખાસ પ્લાસ્ટર) જેવી પદ્ધતિઓ વપરાય છે.

### આધુનિક અભિગમ: એડવાન્સ્ડ રિવસ્ક્યુલરાઈઝેશન

(રુધિરપ્રવાહ પુનઃસ્થાપિત કરવાની અદ્યતન પદ્ધતિ)

હવે રિવસ્ક્યુલરાઈઝેશન (લોહીની નળીઓ ફરી શરૂ કરવી) એ સારવારનું મુખ્ય કેન્દ્ર બની ગયું છે. ઇન્ટરવેન્શનલ રેડિયોલોજી (કિરણોત્સર્ગ માર્ગદર્શિત સારવાર) આમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

### HVS હોસ્પિટલ્સ: અદ્યતન વાસ્ક્યુલર કેર (નસોની સારવારની સુવિધા)

અસરકારક સંચાલન માટે મજબૂત નિદાન પ્રણાલી જરૂરી છે. મુંબઈ સ્થિત HVS હોસ્પિટલ્સ પાસે અત્યાધુનિક કેથ-લેબ (તપાસ અને સારવાર માટેનો ખાસ રૂમ) અને અનુભવી નિષ્ણાતોની ટીમ છે. હોસ્પિટલ ડોપ્લર સ્ક્રિનિંગ (નસોમાં લોહીના પ્રવાહની તપાસ) દ્વારા વહેલા નિદાન પર ભાર મૂકે છે.

### એન્ડોવાસ્ક્યુલર રિવસ્ક્યુલરાઈઝેશન (નસની અંદરથી કરાતી સારવાર):

એન્જિયોપ્લાસ્ટી (બલૂન દ્વારા નસ ખોલવી) દ્વારા અવરોધિત ધમનીઓને પહોળી કરવામાં આવે છે. જો નસ ખુલ્લી ન રહે, તો તેને ટેકો આપવા માટે સ્ટેન્ટ (ધાતુની જાળીદાર નળી) મૂકવામાં આવે છે.

**પ્રક્રિયા:**

આ પ્રક્રિયા હૃદયની એન્જિયોપ્લાસ્ટી જેવી જ છે. સાથળના ભાગે એક નાનું પંચર કરીને કેથેટર (પાતળી નળી) અંદર નાખવામાં આવે છે. આ પ્રક્રિયા માત્ર લોકલ એનેસ્થેસિયા (સ્થાનિક બહેરાશ)માં કરવામાં આવે છે, જેમાં કોઈ મોટા ચીરાની જરૂર પડતી નથી.

### પૂરક સારવાર (સહાયક પદ્ધતિઓ)

હાઇપરબેરિક ઓક્સિજન થેરાપી
(વધુ દબાણયુક્ત ઓક્સિજન સારવાર):
તે પેશીઓ સુધી ઓક્સિજન પહોંચાડવામાં સુધારો કરે છે.

નેગેટિવ પ્રેશર વૂન્ડ થેરાપી
(શૂન્યાવકાશ દ્વારા ઘા રૂઝવવાની પદ્ધતિ):
આ પદ્ધતિ ઘામાં નવી પેશીઓ બનાવવામાં અને રૂઝ લાવવામાં મદદ કરે છે.

**નિષ્કર્ષ** ડાયાબિટીક ફૂટની સફળ સારવાર માટે મલ્ટિડિસિપ્લિનરી (બહુવિધ નિષ્ણાતોની) ટીમ જરૂરી છે. ભારતમાં પગ બચાવવા માટે વહેલું નિદાન અને સમયસર રુધિરપ્રવાહ પુનઃસ્થાપિત કરવો એ જ સૌથી શ્રેષ્ઠ માર્ગ છે.




shrujan SINCE 1969 | LLDC Living & Learning Design Centre | BCCA
શ્રુજન એલ એલ ડી સી પ્રાયોજિત
ભવન્સ કલ્ચરલ સેન્ટર, અંધેરી આયોજિત
એલ એલ ડી સી નાટ્ય સ્પર્ધા ૨૦૨૬ (વર્ષ ૧૮)
નાટ્યસ્પર્ધા દરમિયાન મુંબઇમાં વિવિધ સ્થળોએ ભજવાયેલાં ૨૨ નાટકોમાંથી ૧૧ નાટકો અંતિમ ચરણ માટે પસંદગી પામ્યાં છે. નાટ્યરસિકો માટે નોખા અનોખા વિષયોના નાટકોનો રસથાળ મુંબઇને આંગણે.
તા. ૬ ફેબ્રુઆરી થી ૧૬ ફેબ્રુઆરી ભારતીય વિદ્યા ભવન ચોપાટી
- તા. ૬ ફેબ્રુ. સાંજે ૭.૦૦ 'ધ ફોલ્સ ફેઈન્ટ લાઈન'
- તા. ૭ ફેબ્રુ. સાંજે ૭.૦૦ 'કાળિદાસ'
- તા. ૮ ફેબ્રુ. બપોરે ૩.૩૦ 'ડેસ્ટીનેશન જીંદગી'
- તા. ૯ ફેબ્રુ. સાંજે ૭.૦૦ 'અંતિમ વળાંક'
- તા. ૧૦ ફેબ્રુ. સાંજે ૭.૦૦ 'તેરા યાર હું મૈં'
- તા. ૧૧ ફેબ્રુ. સાંજે ૭.૦૦ 'હરગૌરી શાસ્ત્રી'
- તા. ૧૨ ફેબ્રુ. સાંજે ૭.૦૦ 'ઓરેંજ જ્યુસ'
- તા. ૧૩ ફેબ્રુ. સાંજે ૭.૦૦ 'ઉછીની જીંદગી'
- તા. ૧૪ ફેબ્રુ. સાંજે ૭.૦૦ 'ધ અધર્સ ડે'
- તા. ૧૫ ફેબ્રુ. બપોરે ૩.૩૦ 'લૉંગ ડ્રાઈવ'
- તા. ૧૬ ફેબ્રુ. સાંજે ૭.૦૦ 'મજ્જાતંત્ર'
બુકિંગ ભવન-ચોપાટી ખાતે આવતીકાલથી શરૂ સવારે ૯-૧૨ સાંજે ૪-૭ Ph. 23698085 9930652094 દૈનિક ટિકિટના દર: રૂા. ૩૦૦, ૨૦૦, ૧૦૦ ૧૧ નાટકોના સીઝન ડોનેશન પાસ રૂા. ૩૦૦૦/-
ગ્રુપ બુ. માટે સંપર્ક: અજિંક્ય સંપટ - 9820013252
સહયોગ: SRK, GKM'S AMULAKH AMICHAND, MKES | મિડિયા પાર્ટનર: JANMABHOOMI Group of Newspapers જન્મભૂમિ ફૂલછાબ કચ્છમિત્ર
Theatrix










## સિંચાઈ કૌભાંડ કેસમાં અજિત પવાર નિર્દોષ જાહેર થશે: ભાજપ

મુંબઈ: દિવંગત નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર કથિત સિંચાઈ કૌભાંડ કેસમાં તેમના પર મુકવામાં આવેલા આરોપોમાંથી મુક્ત થઈ જશે એ અંગે કોઈ શંકા નથી એમ ભારતીય જનતા પક્ષના મહારાષ્ટ્ર એકમના મીડિયા પ્રભારી નવનાથ બાનએ શુક્રવારે જણાવ્યું હતું. મુંબઈમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં બાનએ શિવસેના (યુબીટી) ના નેતા સંજય રાઉતની ટિપ્પણીનો જવાબ આપી રહ્યા હતા, ભાજપ અજિત પવાર વિરુદ્ધના બધા આરોપ પાછા ખેંચી લે એ પવારને સાચી શ્રદ્ધાંજલિ હશે એવી ટિપ્પણી સંજય રાઉતે કરી હતી. ■




## ભાજપ કે કૉંગ્રેસ, જે અમને મેયરપદ આપે તેની સાથે જવા તૈયાર: ઠાકરે જૂથ

ચંદ્રપુર: ચંદ્રપુર મહાનગરપાલિકામાં જે પક્ષ ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે પક્ષને મેયર પદ આપશે, અમે તેમની સાથે જઈશું તેવી ભૂમિકા શિવસેના ઠાકરે (યુબીટી) જૂથના ચંદ્રપુર જિલ્લા પ્રમુખ સંદીપ ગિર્હેએ રજૂ કરી હતી.

દરમિયાન ઉદ્ધવ ઠાકરેનો પણ એવો જ આગ્રહ છે કે ચંદ્રપુરમાં શિવસેનાનો મેયર બને. તે માટે ભાજપ હોય કે કોંગ્રેસ, અમારા માટે બંને વિકલ્પો ખુલ્લા છે, તેમ સંદીપ ગિર્હેએ જણાવ્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, અમે કોંગ્રેસના વિજય વાડેટ્ટીવાર, પ્રતિભા ધાનોરકર અને ભાજપના સુધીર મુનગંટીવાર અને કિશોર જોર્ગેવાર સાથે સમાંતર ચર્ચા કરી રહ્યા છીએ. જે અમારી માંગ સ્વીકારશે, તેમની સાથે મળીને સરકાર બનાવીશું. ચંદ્રપુર મહાનગરપાલિકામાં મેયરની ચૂંટણી માટે સામાન્ય સભા ૧૦ ફેબ્રુઆરીએ યોજવામાં આવી હોવા છતાં, મેયર પદ માટે ઉમેદવારી નોંધાવવાની છેલ્લી તારીખ પાંચ ફેબ્રુઆરી નક્કી કરવામાં આવી છે. તેથી ચંદ્રપુર મહાનગરપાલિકામાં સરકાર બનાવવાની પ્રક્રિયા હવે વેગ પકડે તેવી શક્યતા છે. ■

## જિલ્લા પરિષદની ચૂંટણી માટે સાદાઈથી પ્રચાર

માવળ: એનસીપી પ્રમુખ અજિત પવારના અવસાન બાદ પાર્ટીમાં એક મોટી ખાલીપો સર્જાયો છે. જિલ્લા પરિષદની ચૂંટણીની પૂર્વસંધ્યાએ દુર્ઘટના બની હોવાથી પક્ષ હચમચી ગયો છે. આ પરિસ્થિતિમાં માવળ તાલુકામાં આગામી પંચાયત સમિતિ અને જિલ્લા પરિષદની ચૂંટણીઓની પૃષ્ઠભૂમિમાં એનસીપીએ અલગ અને શાંત પ્રચાર પદ્ધતિ અપનાવવાનો નિર્ણય લીધો છે. આ ચૂંટણી માટે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ માવળમાં અજિતદાદા દ્વારા કરવામાં આવેલા વિકાસ કાર્ય અને માવળ માટે આપેલા કરોડો રૂપિયાના ભંડોળ વિશે ઘરે ઘરે માહિતી પહોંચાડવાનું અભિયાન ચલાવશે. કોઈપણ ધામધૂમ, ટ્રમ્પેટ, ઢોલના નગારા કે આક્રમક પ્રચાર વિના સાદાઈથી નાગરિકો સુધી પહોંચવા પર ભાર મૂકવામાં આવશે. માવળ તાલુકા પ્રમુખ ગણેશ ખાંડગેએ જણાવ્યું છે કે પક્ષના પ્રચારનો મુખ્ય ઉદ્દેશ્ય ફક્ત મતદારોને મળવાનો અને તેમની સાથે વાતચીત કરવાનો, મતદારોને વિકાસ કાર્યના પત્રિકાઓ આપવાનો અને અજીત દાદા દ્વારા માવળ તાલુકા માટે કરવામાં આવેલા વિકાસ કાર્યોની માહિતી આપવાનો છે. ■




**દ્વિતિય વાર્ષિક પુણ્યતિથિ**




**સ્વ. શ્રી મહાવીર ગણેશલાલ દાવરા**
સ્વ. તા. ૩૧/૦૧/૨૦૨૪

આપણી અણધારી વિદાયે આજે ૨ વર્ષ પૂરાં થઈ ગયાં. અમે સૌ તમને અશ્રુભીની આંખે શ્રદ્ધાંજલિ આપીએ છીએ.

જેમ ચંદન જાતે ઘસાઈને અન્યને સુગંધ અને શીતલતા બક્ષે છે તેમ આપ બાળપણાથી જીવનના અંત સુધી તનતોડ મહેનત કરી અમને સુખમાં તરતા મૂકી ગયા. આપનો નિડર સ્વભાવ, પ્રામાણિકતા અને ધંધાકીય સુઝનો વારસો અમારા માટે માર્ગદર્શન બની રહેશે. આપના અધૂરા અરમાનો પૂર્ણ કરવાની ઈશ્વર અમને શક્તિ આપે અને તમારા પવિત્ર આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**Esdee Paints Ltd.**

Jai Swaminarayan • Jai Shankar.
*In Loving Memory Of*
**Shri Natvarlal Mohanlal Maniyar**
(Natubhai)
15/05/1934 - 28/01/2026



*Let us join together in prayer and remembrance, holding in our hearts the life and legacy of a pious and loving soul who has now found eternal peace.*

Date: 01/02/2026
Time: 10:30 am to 12:00 noon

**Venue:**
Shri Swaminarayan Mandir (BAPS), 90 Feet Rd,Near Lavender Bough, Garodia Nagar, Ghatkopar East, Mumbai - 400077

*In Our Hearts Forever*
Late Smt RashmikabenNatvarlal Maniyar
Mihir - Bhavni
Neelima - Chetan N Bhavsar
Rupa - Shrenik R Bhavsar
Falguni (Soni) - Raj N Parekh
Grandchildren- Great Grandchildren
**MANIYAR PARIVAR**
TexoGlass * Vignesh Agencies
Valet Parking Available

17-11-1940  31-01-2025

**KALA PRITAM PARIKH**

"રડી પડે છે આંખો અમારી, દરેક પ્રસંગે ખટકશે ખોટ તમારી,
પળભરમાં છેતરી ગયા અમને, માત્ર યાદગીરીના પુષ્પો અને વહેતા
આંસુના અભિષેક અર્પણ કરીએ છીએ.
શ્રીજીબાવા તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે તે જ પ્રાર્થના..."

પ્રથમ પુણ્ય તિથિ નિમિત્તે, પરીખ પરિવારની સ્મરાંજલી,
**NIMIT KRAFTPACK INDUSTRIES, KILLA PARDI, GUJARAT**

